ખબરદાર ! મારી વિરોધી પાર્ટીમાં ઘરના ઘર માટે ફોર્મ ભરવા ગઈ છે તો ! આપણું ઘર ભાંગી જશે - કહી દઉં છું તને !

બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળે તેજસ્વી તારલાઓનું સન્માન કર્યું

ગાંધીનગર, તા. ૨૨

બેતાલીસ લેઉઆ પાટીદાર પ્રગતિ મંડળ ગાંધીનગર દ્વારા તેરમો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો. જેમાં જુનિયર કેજી થી ધોરણ-૧ સુધીના પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ ગાંધીનગરના પ્રમુખ મણીભાઈ પટેલ, ચિરાગભાઈ આર. પટેલ, ઉપપ્રમુખ ખેમચંદભાઈ પટેલ, મંત્રી જંયતિભાઈ એલ. પટેલ, ખજાનચી અમથાભાઈ ટી. પટેલ, સહમંત્રી તેમજ કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મંડળના મંત્રી ખેમચંદભાઈ પટેલે જણાવેલ છે.

અંધ શાળા સેક્ટર-૧૬ ખાતે પ્રજ્ઞાચક્ષુ કંઠય સંગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગ રૂપે રાષ્ટ્રીય અંધજન મંડળ-ગુજરાત રાજય શાળા પ્રજ્ઞાચક્ષુ કંઠય સંગીત સ્પર્ધાનું આયોજન અંધશાળા, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લાના તમામ અંધજનો ગુજરાત રાજય શાળા પ્રજ્ઞાચક્ષુ કંઠય સંગીતમાં સહર્ષ ભાગ લીધો હતો. સ્પર્ધા પાંચ જૂથમાં યોજાઈ હતી. બાળગીત, સુગમ સંગીત, ફિલ્મ સંગીત, શાસ્ત્રીય સંગીત વગેરે જુદા જુદા વિભાગોમાં સુંદર પ્રદર્શન કરનાર પ્રજ્ઞાચક્ષુ સ્પર્ધકોને ૩૬ જેટલા ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનો બાળકોએ અને વયસ્કોએ રસપૂર્વક લાભ લીધો હતો.

જિલ્લા બોકસીંગ સ્પર્ધામાં એસ.એસ. ચૌધરી વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે આવેલી એસ.એસ. ચૌધરી વિદ્યાલયના બે વિદ્યાર્થીઓએ તાજેતરમાં જિલ્લા કક્ષાની બોકસીંગ સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરી રાજયકક્ષાની સ્પર્ધામાં ઉમેદવારી નોંધાવી છે.

એસ.એસ. ચૌધરી વિદ્યાલયના હિરેન ચૌધરી અને સાવલ ચૌધરીએ તાજેતરમાં જિલ્લા કક્ષાની બોકસીંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. વિજેતા બંને વિદ્યાર્થીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અને આચાર્ય નીતા શાહે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

વકૃતત્વ સ્પર્ધામાં આર.જી. પટેલ કન્યા વિદ્યાલય પ્રથમ

ગાંધીનગર, તા. ૨૨

વિદ્યાર્થીઓની અભ્યાસની સાથે સાથે જીવન ઘડતરના પાઠ શીખે તેમજ તેમની વકૃતત્વકળા વિકસે તે હેતુથી ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સંયુકત ઉપક્રમે વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેમાં માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ વકૃતત્વમાં નિબંધ હરિફાઈમાં પણ ભાગ લીધો હતો.

ઉપરોકત સ્પર્ધામાં સુમેસરા કિંજલ વકૃતત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. વિજેતા વિદ્યાર્થીઓએ ચૌધરી હાઈસ્કુલમાં યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જે.એમ. ચૌધરી શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આવેલી સ્કૂલ ઓફ એચિવર્સમાં તાજેતરમાં કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો અને સ્પર્ધામાં વિજેતા બની ઈનામો જીત્યા હતાં.

સ્કૂલ ઓફ એચિવર્સમાં જીત કુન ડો. એસોસિએશન દ્વારા યોજાયેલી દ્વિતીય કરાટે સ્પર્ધામાં ગાંધીનગરની જે.એમ. ચૌધરી શાળાની વિદ્યાર્થીની તૃષા ગૌતમભાઈ પુરાણીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ગુરુ બ્રાહ્મણ સમાજનું અને શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવારે વિજેતા ખેલાડીને અભિનંદન પાઠવ્યા હતાં.

સિનીયર સિટીઝન કાઉન્સીલ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ સામગ્રી સહાય

ધો. ૧ના વિદ્યાર્થીઓને બે જોડ ગણવેશ અપાયા

ગાંધીનગર, તા. ૨૨

સિનીયર સિટીઝન કાઉન્સીલ દ્વારા આજે જિલ્લાની બે શાળાના વિદ્યાર્થીઓને અભ્યાસ સામગ્રી તથા ગણવેશની સહાય પૂરી પાડવામાં આવી હતી.

આદરજ મોટી પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૧ના વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ તથા અન્ય તમામ વિદ્યાર્થીઓને પેન્સિલ, રબર, બૉલપેન, નોટબૂક તથા ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

એ જ રીતે વાવોલ પ્રાથમિક શાળા ખાતે પણ કાઉન્સીલ દ્વારા ધોરણ-૧ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય તેમજ અન્ય તમામ વિદ્યાર્થીઓને પેન્સિલ, રબર, બૉલપેન, નોટબૂક તથા ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૪૭૮ જેટલા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા સહાય આપવામાં આવી હતી.

સિસિકાના આજીવન ટ્રસ્ટી વિષ્ણુભાઈ વ્યાસ, મંત્રી મહેન્દ્રભાઈ શાહ, કારોબારી સભ્ય ભલજીભાઈ સોલંકી, રમેશભાઈ મહેતા, ભૂપેન્દ્રભાઈ શાહ તથા મીનાબેન શાહ દ્વારા શાળાઓમાં ઉપસ્થિત રહી આ સહાય સઘળા વિદ્યાર્થીઓને હાથોહાથ પહોંચાડવામાં આવી હતી.

આદરજ મોટી શાળાના આચાર્યા વીણાબેન તથા વાવોલ પ્રાથમિક શાળાના આચાર્ય ધીરુભાઈ વાઘેલાએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી સંસ્થા તેમજ તેના સહાયભૂત થયેલા હોદેદારો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

જિલ્લા કક્ષાની મહિલા ખોખો, જુડો અને કરાટે સ્પર્ધામાં ચૌધરી સ્કૂલની બાળાઓ મોખરે

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાકક્ષાની મહિલા ખોખો સ્પર્ધા અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ જુડો અને જીત કોન્ડો સ્પર્ધાઓ યોજાઈ હતી. શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ વિજેતા બની. આચાર્યા સંતોકબેન ચૌધરી, કોચ લીલાબેન ચૌધરી, મિનાક્ષીબેન સુતરીયા તથા હેતલબેન દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

મહિલા ખોખો ટીમ પ્રથમ વિજેતા ચૌધરી લલિતા, હીના અને રીપલ રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદ થયેલ છે.

અન્ડર-૧૭ જુડો સ્પર્ધામાં રાઠોડ પ્રિયંકા અને પરમાર નિકિતા, દ્વિતીય અસારી પૂનમ અને ચૌધરી રિંકલ, તૃતીય વિજેતા બનેલ છે. અન્ડર-૧૯ જુડો સ્પર્ધામાં ચૌધરી સુમન, રોશની, કેતુ પ્રથમ અને પંડ્યા લેખા, પાટીલ આરતી દ્વિતીય આવે છે.

ગાંધીનગર જિલ્લા જીત કુન ડો એસો દ્વારા આયોજિત રાજય કરાટે સ્પર્ધામાં પુરાણી તૃષા (સિલ્વર મેડલ), ભાખરીયા તિસ્તા અને પરમાર નિકિતા (બ્રોન્જ મેડલ) પ્રાપ્ત કરેલ છે.

આર.વી. ચૌધરી પ્રાથમિક શાળા જિલ્લા કક્ષાની જુડો સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે આવેલી આર.વી. ચૌધરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં જિલ્લાકક્ષાની જુડો સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. આર.વી. ચૌધરી વિદ્યાસંકુલ માણસાના ઋત્વિક ચૌધરી, સાવન ચૌધરી અને હિરેન ચૌધરીએ જિલ્લાકક્ષાની જુડો સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો હતો. મોહિત ચૌધરી, ભૌતિક ચૌધરી, સાહિલ ચૌધરી અને કુલદીપ વિહોલે દ્વિતીય નંબર અને અનિલ ચૌધરી, સૌરવ ચૌધરી, હિતેન્દ્ર ચૌધરી, મહિયન ચૌધરી અને સુરેશ ચૌધરીએ તૃતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. પ્રથમ આવનાર વિજેતા વિદ્યાર્થીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ધોરણ-૧૧ સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓ ૨૭મીથી ઉત્તરવહીઓ જોઈ શકશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પરીક્ષા સચિવે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે, ધોરણ-૧૧ સેમેસ્ટર-૨ની ઉત્તરવહીઓના અવલોકનની અરજી કરનાર વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓની અવલોકન કામગીરી ૨૭મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજથી શરૂ કરવામાં આવશે. બોર્ડ દ્વારા રોજની ૧૨ બેચમાં ૧૯૨૦ ઉમેદવારોને તેઓની ઉત્તરવહીઓનું અવલોકન કરાવવામાં આવશે. આ અંગેના કોલ લેટર ટપાલ મારફતે રવાના કરવામાં આવી રહ્યા છે. તેમજ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પરથી પણ દરેક ઉમેદવાર પોતાના અવલોકન માટેનો સમય જાણી શકશે. બે કરતા વધુ વિષય માટેની અરજી કરનાર ઉમેદવારો માટે તા. ૧લી સપ્ટેમ્બર-૨૦૧૨ અને ૨ સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ દરરોજની સાત બેચમાં અવલોકનનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી તેમ પરીક્ષા સચિવે ખાસ જણાવ્યુ છે.

આદર્શ નિવાસી કન્યા શાળામાં સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેકટર-૬માં આવેલી આદર્શ નિવાસી કન્યા શાળામાં તાજેતરમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પી.કે. પટેલ દ્વારા ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ આ પ્રસંગે દેશભક્તિ ગીત, ઝંડાગીત અને રાષ્ટ્રગાન કર્યુ હતુ. અનસૂયા વસાવા અને પ્રેમિલા વસાવાએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતુ. તથા બીપીનભાઈ સોલંકી અને પારૂલબેન ગજજરે યોગ્ય સહયોગ આપી બાળાઓને ગુલાબ જાંબુ, ચોકલેટનું વિતરણ કરી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

એમઈની પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ બાદ ૬૯૨ બેઠક ખાલી

અમદાવાદ, તા. ૨૨

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કમિટી (એસીપીસી) દ્વારા હાથ ધરાયેલી માસ્ટર ઓફ એન્જિનીયરીંગ (એમઈ)ની પ્રવેશ પ્રક્રિયાના બીજા અને અંતિમ રાઉન્ડ બાદ કુલ ૬૯૨ બેઠકો ખાલી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર એસીપીસી દ્વારા હાથધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં એમઈની કુલ ૩૯૪૧ બેઠકો પૈકી પ્રથમ રાઉન્ડ બાદ ૧૨૩૮ બેઠકો ખાલી રહી હતી. આ બેઠકો માટે તા. ૧૭ થી ૨૨ ઓગસ્ટ દરમિયાન બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જે આજરોજ પૂર્ણ થતા કુલ ૬૯૨ બેઠકો ખાલી રહી છે. જેમાં મીકેનીકલ એન્જિ.ની ૨૩૩ બેઠક, સીવીલ એન્જિ.ની ૧૮૧ બેઠક, ઈસી એન્જિ.ની ૫૪ બેઠક, ઈલેકટ્રીકલ એન્જિ.ની ૩૬ બેઠક, કોમ્પ્યુટર એન્જિ.ની ૩૨ બેઠકનો સમાવેશ થાય છે.

જોકે આમાં ઈસી, ઈલેકટ્રીકલ અને કોમ્પ્યુટરની મળી કુલ ત્રણ બ્રાન્ચની ખાલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા આગામી સપ્તાહમાં હાથધરાશે. જેમાં બાકી રહી ગયેલા અંદાજે ૬૦૦ વિદ્યાર્થીઓને બોલાવશે. આવતીકાલથી પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા શરૂ થનાર હોવાથી આ પછી એમઈના બાકી વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. એમઈના બીજા રાઉન્ડમાં પ્રવેશ રદ કરવનાર વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોકત ત્રણ વિષયની પ્રવેશ પ્રક્રિયા બાદ તમામ ખાલી બેઠકો જેતે કોલેજને જાતે ભરવા સોંપાશે.

ચક દે ઈન્ડિયા... હેન્ડબોલની રાષ્ટ્રીય ટીમના કોચ ગુજરાતના ખેલાડીઓને પ્રશિક્ષણ આપે છે

સંબંધ સજાવે જિંદગી
બલિહારી ગુરુ આપ કી
- સંજય થોરાત
gsrelation@yahoo.com

મહારાષ્ટ્રની અંદર નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપની સ્પર્ધા જોરમાં જામી હતી અને મહારાષ્ટ્ર-ગુજરાત વચ્ચે મેચ હતી. એક તરફ હોમગ્રાઉન્ડ, ટીમ મજબુત, ચેમ્પિયનશીપની દાવેદાર એવી મહારાષ્ટ્રની ટીમ સામે ગુજરાત બિલકુલ નવીસવી ટીમ.... અને થયું પણ એવું મહારાષ્ટ્રમાં કોચની વ્યૂહરચનામાં ગુજરાતની ટીમ ફસાઈ ગઈ અને ૬૦ મિનીટની મેચમાં ૮૦-૦થી ધડાધડ ગોલ ખાઈ ધરાશાયી થઈ ગઈ. પણ આ મેચના જોનારા કોચે એ વખતે જ નક્કી કર્યું જો હું ગુજરાત ક્યારેક કોચ બનીને જઈશ તો મારી મહેનતથી આ જ ટીમને રાષ્ટ્રીય ચેમ્પિયન બનાવી દઈશ!

૧૯૮૬માં આની ઈચ્છા વ્યક્ત કરનાર મહારાષ્ટ્ર ટીમના કોચ હતા શશીમોહન ધુમાળ. એમણે એ વખતે કરેલી ઈચ્છા જાતે પ્રભુએ માન્ય રાખી હોય એમ ૧૯૮૮માં એ હેન્ડબોલના કોચ તરીકે બદલી થઈ ગાંધીનગર આવી ગયા. ૧૯૩૬ની હોમગ્રાઉન્ડ, ટીમ મજબુત, ચેમ્પિયનશીપની દાવેદાર એવી મહારાષ્ટ્રની ટીમ સામે ગુજરાત બિલકુલ નવીસવી ટીમ.... અને થયું પણ એવું મહારાષ્ટ્રમાં કોચની વ્યૂહરચનામાં ગુજરાતની ટીમ ફસાઈ ગઈ અને ૬૦ મિનીટની મેચમાં ૮૦-૦થી ધડાધડ ગોલ ખાઈ ધરાશાયી થઈ ગઈ. પણ આ મેચના જોનારા કોચે એ વખતે જ નક્કી કર્યું જો હું ગુજરાત ક્યારેક કોચ બનીને જઈશ તો મારી મહેનતથી આ જ ટીમને રાષ્ટ્રીય ચેમ્પિયન બનાવી દઈશ!

કારણ આ નવીસવી રમતમાં કોઈ જલદી આવવા તૈયાર થતું નહી, ૬ મહિનાના સખત પરિશ્રમ બાદ છોકરા-છોકરીઓમાં ૭૫-૭૫ ખેલાડીઓ એક જ વર્ષમાં તૈયાર થયા અને ગાંધીનગરની હેન્ડબોલની ટીમ એનો રંગ દેખાડવા લાગી.

ગાંધીનગરની હેન્ડબોલની છોકરા-છોકરીઓની ટીમે જ્યારે એની સ્પિડ પકડી અને પરફોર્મન્સ દેખાડવા લાગી ત્યાં આ શશીમોહન ધુમાળ જેવી મહેનતકશ કોચની ટ્રાન્સફર થઈ ગઈ... ખેલાડીઓ અને સ્પોર્ટ્સ હોસ્ટેલ વાળા જીદે ચઢ્યા કે અમારે આ કોચ અહીંયાજ જોઈએ અને ખેલાડીઓની સ્પોર્ટ્સમેન સ્પિરીટથી શશીમોહન ધુમાળ પાછા ગાંધીનગર આવ્યા અને એમણે પછી પાછા ફરીને નથી જોયું... આવ્યાના એજ વર્ષે ગુજરાતની સ્ટેટ ટીમમાં ગાંધીનગરના ૭ ખેલાડીઓ સાથે આ ટીમ નેશનલમાં બ્રોન્ઝ લઈ આવી...

ચકદે ઈન્ડિયાના પેલા હોકી કોચ જેવા આ શશીમોહન ધુમાળ પોતે પણ અચ્છા હેન્ડબોલ પ્લેયર, જે મીડલ કલાસ ફેમિલીમાંથી આવે છે. ક્રિકેટ, બાસ્કેટ બોલ અને ખો-ખો પ્લેયરે એમકો, બીપીએડ, એનઆઈએસ કરી ચોક બન્યા છે. ૪૦૦મી ટ્રેકના સવાર સાંજ ૧૦-૧૦ રાઉન્ડમારીને ચપળ અને ફીટ બન્યા છે, કોલેજમાં ભણતી વખતે આવેલી હેન્ડબોલ ગેમમાં પ્રથમ વખત જ ભાગ લઈ છેક યુનિ. ગોલ્ડ મેડલ જીતીને જ ઝંપેલા છે... પોતાની રમત પ્રત્યે જે સમર્પણ બતાવ્યું એજ એમણે વિદ્યાર્થીઓને શિખવવામાં પણ બતાવે છે!

ગાંધીનગરમાં હેન્ડબોલના પર્યાય તરીકે ઓળખાતા આ ચપણ કોચના હાથ નીચેના લોકલ ખેલાડીઓ રાજેન્દ્ર પ્રજાપતિ, વિશાલ થોરાત, વિનય દવે, એહઝાઝ શેખ, અનીલ કાંબલી, સંજય ક્રિશ્ચીયન વગેરે સ્ટેટ વિનર રહી નેશનલ મેડલ સાથે ઈન્ડિયન કેમ્પ સુધીની ઝળહળતી સફળતા મેળવી આવ્યા છે... હેન્ડબોલની છોકરીની ટીમમાં પારૂલ રાઠોડ, વૈશાલી થોરાત, નેહલ, કાજલ, પારૂલ જોષી, ભદોરીયા વગેરે રાષ્ટ્રીય કક્ષાએ ધુમાળ સાહેબની મહેનતથી રમી આવ્યા છે. ફરી પેલા પહેલા ફકરાની વાતે આવીએ તો ૮૦-૦થી હારેલી ગુજરાતની ટીમ મહારાષ્ટ્રની ટીમને ડરાવતી થઈ ગઈ, જે મહારાષ્ટ્રની ટીમના કોચ હતા એ આજે ગુજરાતના કોચ બનીને શૂન્યમાંથી સર્જન કરી ગાંધીનગર-ગુજરાતને રાષ્ટ્રકક્ષાએ પહોંચાડવામાં નિમિત્ત બની ગયા.!!

ગુજરાતને શશીમોહન ધુમાળે એટલો પ્રેમ કર્યો કે ગુજરાતી છોકરી સાથે પરણી ગયા અને સે-૨૪માં મકાન બનાવીને કાયમી વસવાટ પણ કરી લીધો... ધુમાળ સાહેબનાં શ્રીમતી મહેશ્વરીબેન પણ અચ્છા હેન્ડબોલ ખેલાડી અને પ્રશીક્ષક છે જેઓ વસંતકુંવરબા અને હિલવુડની હેન્ડબોલની ટીમ તૈયાર કરે છે... મોરના ઈંડા ચિતરવા ના પડે એમ ધુમાળ સાહેબના બંન્ને બાળકો પણ મેડલની મજલ મારી ચૂક્યા છે. ચૈતન્યએ હેન્ડબોલમાં રાષ્ટ્ર કક્ષાએ સિલ્વર મેડલ અને સ્વિમીંગમાં પણ નેશનલ રમીને હાલ એનઆઈટીમાં રેન્ક લાવી સુરત ખાતે ઈલેકટ્રીકલ એન્જિ. કરે છે... દીકરી કૃતિકા ૧૦થી ૧૨ વખત રાષ્ટ્રકક્ષાએ હેન્ડબોલ રમી છે અને સ્વિમીંગમાં પણ નેશનલના હરિફોને ટક્કર આપી છે જે હાલ શંકરસિંહ વાઘેલા કોલેજમાં કોમ્પ્યુટર એન્જિ.માં ભણે છે !!

નેશનલ મેડલ વિનર અને ઈન્ટરનેશનલ કોચ શશીમોહન ધુમાળ જોર્ડન, સ્વિડન, ચાઈના જેવાં દેશોમાં ઈન્ડિયન કોચ બનીને હેન્ડબોલની ટીમને લઈ ગયા છે... છેલ્લાં ૨૫ વર્ષની એમની તપશ્ચર્યાના ફળ સ્વરૂપે એમનાં હાથ નીચે તૈયાર થઈ મેડલ લાવનારાં લગભગ ૧૦૦ ખેલાડીઓ સ્પોર્ટ્સ ક્વોટામાં ઈન્ડિયન ફોર્સ, પોલીસ અને સરકારી નોકરીમાં લાગ્યા છે... એક જમાનામાં ખેલાડીઓની ખેંચ અનુભવતા આ કોચ પાસે આજે હેન્ડબોલ શીખવા માટે લાઈન લાગે છે. દર વર્ષે છોકરા-છોકરીઓની ટીમ પાંચ-પાંચ નેશનલ મેડલ ગુજરાત માટે જીતી આવી છે !! શશીમોહન ધુમાળના ઘરની દરેક દિવાલ, ટેબલ, કબાટ જ્યાં જુઓ ત્યાં મેડલ, ટ્રોફી, પ્રમાણપત્ર, ફોટોથી ભરચક છે. એમનાં શ્રેયની સંપૂર્ણ બાયોગ્રાફી સમજવા અઠવાડિયું પણ ઓછું પડે... હેન્ડબોલ જેવી નવી ગેમમને ગાંધીનગરમાં લાવી અગણીત ખેલાડી તૈયાર કરી મેડલોની ઝોળી છલકાવવામાં પરસેવો પાડી દેનારા શશીમોહન ધુમાળ જેવા સમર્પિત કોચથી ગાંધીનગરના ખેલાડીઓ ગર્વ અનુભવે છે !!

કેફિયત કલા સાધકની
- આશા સરૈયા

સફળ અદાકારા અને નિષ્ઠ નિર્માત્રી ગાંધીનગરનું ગૌરવ - કુંપલ દવે

ટીવી સિરીયલોના જાણીતા નિર્માત્રી એકતા કપૂરની નવી સિરીયલ 'ક્યું કી સાસ ભી કભી બહુ થી' (સિરીયલોના ઈતિહાસમાં સૌથી સફળ સિરીયલોમાંની એક) માટેના ઓડીશન ટેસ્ટમાં એક ગુજરાતી અભિનેત્રીને તેના ટેસ્ટ બાદ પસંદગી પામ્યાનો મેસેજ મળે છે અને આ અભિનેત્રી ખુશીથી ઝુમી ઊઠે છે! એ જ રાત્રે ઘરેથી (ગાંધીનગર) ફોન આવે છે કે દીકરાને ટાઈફોઈડ થયો છે અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. કલાકાર અને માતૃત્વના આ સંઘર્ષમાં માની જ જીત થાય ને? થઈ, અને મુંબઈની ટોચની કારકિર્દી છોડીને મા ગાંધીનગર દોડી આવી. આ કલાકાર એટલે ગાંધીનગરના જાણીતા કુંપલ મયુર દવે. દીકરી એટલે સ્નેહનું, સ્મિતનું અને ઉર્મિનું ખળખળ વહેતું ઝરણું, આવું જ એક મીઠડું ઝરણું શ્રી રમણભાઈ મકવાણાને ઘરે અવતરે છે. આ ઝરણાને નામ અપાય છે 'કુંપલ'. ૧૯૭૧માં સરકારી નોકરીના કારણે રમણભાઈ અને તેમનું કુટુંબ ગાંધીનગરવાસી બને છે અને અમદાવાદમાં જન્મેલ કુંપલની સફર ગાંધીનગરમાં શરૂ થાય છે. માતા પ્રાથમિક શાળામાં શિક્ષિકા, બે ભાઈની લાડકી બેન, માતાપિતાની પણ અને ખાસ તો પિતાની આ લાડકડીનો ઉછેર દીકરાની જેમ જ કરવામાં આવ્યો. સચિવાલયની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રમણભાઈ જ્યાં જાય ત્યાં કુંપલ પણ સાથે જ હોય. કુંપલે પણ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેને અભિનયમાં રસ અને ઋચિ વધારે પણ સેક્ટર-૧૬ની માધ્યમિક શાળામાં રાસ-ગરબામાં ભાગ લેવાનું વધારે બન્યું અને જિલ્લા કક્ષાની ગરબા સ્પર્ધાઓમાં પણ ભાગ લીધો.

શાળાભ્યાસ બાદ કુંપલની જિંદગીમાં નવો વળાંક આવ્યો. ગાંધીનગરમાં જ રહેતા મયુર દવે સાથે પ્રેમ થઈ ગયો અને ૧૯૮૯માં કુંપલ-મયુર લગ્નગ્રંથિથી જોડાઈ ગયા.

કુંપલબેનને રસોડાની પ્રવૃત્તિમાં ક્યારેય રસ ન્હોતો. પ્રેમાળ સાસુ સરોજબેને ખૂબ ધીરજ અને વ્હાલથી ભરતકામ, સિવણ, ડ્રોઈંગ વિ. શીખવવામાં અને હોમસાયન્સમાં આગળ અભ્યાસ કરવા માટે ખૂબ પ્રોત્સાહન આપ્યું કે 'તું ઘરકામ કે બાળકોની ચિંતા ન કરા, એ હું જોઈ લઈશ. તારે જે પ્રવૃત્તિ કરવી હોય તે કર.' ચણિયા-ચોળી ભાડે આપવાનું શરૂ કરવાના કારણે કુંપલબેન અનેક લોકો-સંસ્થાઓના સંપર્કમાં આવ્યા અને જ્યોતિ મહિલા મંડળ, સમસ્ત બ્રહ્મ સમાજ, જેસીરેટ વિ. સંસ્થાઓમાં જોડાયા અને મંત્રી-પ્રમુખ તરીકેની જવાબદારી પણ નિભાવી. આ અરસામાં એક કાર્યક્રમ દરમ્યાન મિત્ર હિરેનભાઈ ભટ્ટે નાટકમાં પાત્ર ભજવવાની ઓફર કરી. બે દિવસની વિચારણા બાદ કુંપલબેને પ્રથમ ગુરુ શ્રી અખ્તર સૈયદના દિગ્દર્શન નીચે નાટ્યક્ષેત્રે પ્રથમ ડગ ભર્યો. જયશંકર સુંદરી નાટ્યગૃહ, અમદાવાદ ખાતે રજૂ થયેલ આ નાટકમાં કુંપલબેનના આકર્ષક અભિનયના કારણે તેમને ગુજરાતી ટીવી શ્રેણી 'તરણા ઓથે'માં કામ કરવાની તક મળી અને આમ કુંપલબેનની અભિનય સફર ઝડપી બની. જાણીતા કલાકાર હિતેશ રાવલના પ્રોત્સાહન અને ભલામણથી નાટ્યવિદ જિતેન્દ્ર ઠક્કરના નાટકમાં કુંપલબેનના અભિનયથી તેમને કુશળ અભિનેત્રી તરીકેની ઓળખ મળી. પછી તો દૂરદર્શન પરની જાણીતી શ્રેણીઓ કાકા ચાલે વાંકા, સંગાથ, માંડવાની જૂઈ વિ.માં મુખ્ય રોલ કરવાની તક મળી. સાથે સાથે એક એક મૂરખને એવી ટેવ, કર્માધિન, સત્યને પંથે, ભારત દર્શન અમર યાત્રા વિ. નાટકો કર્યા જે ગુજરાત ઉપરાંત ભારતમાં ઘણા સ્થળોએ ભજવાયાં.

અભિનય ઉપરાંત એક સફળ ઉદ્‌ઘોષિકા તરીકે પણ કુંપલબેને ગાંધીનગરમાં અનેક કાર્યક્રમો શોભાવ્યા છે. જેમાં રાજભવનમાં રાજ્યપાલશ્રી અને વિખ્યાત સિતારવાદક પંડિત રવિશંકરની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમનું તેમજ ભારતના સ્વાતંત્ર્યની સુવર્ણ જયંતિ પ્રસંગે પાર્શ્વ ગાયક મહેન્દ્ર કપૂરના કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ હતું. એક અભિનેત્રીના દરેક ગુણ ધરાવતા હોવા છતાં પોતાની અસામાન્ય ઊંચાઈ કુંપલબેનની કારકિર્દીમાં અડચણરૂપ પણ ક્યારેક બની. પતિ-પત્ની અથવા પ્રેમીઓના રોલમાં વધુ ઊંચાઈવાળા સ્ત્રીપાત્રનો રોલ સામાન્ય રીતે સ્વીકારાતો નથી. આના કારણે નાના અને સહાયક પાત્રોની ભૂમિકા ભજવીને પણ સંતોષ માનવો પડતો. આ નિરાશાઓ છતાં પણ અને ઘરની આર્થિક જવાબદારીના ભાગરૂપે અભિનય તો ચાલુ જ રાખ્યો. ફિલ્મોના જાણીતા હાસ્ય કલાકાર રમેશ મહેતાની સલાહ મુજબ કુંપલબેન ૧૯૯૮માં મુંબઈ પહોંચ્યા. પતિ મયુરભાઈ અને કુટુંબીજનોના સહકારથી આ શક્ય બન્યું.

મુંબઈની જિંદગીની રોજિંદી તકલીફોને અનુકૂળ થવાનો પ્રયત્ન કરી રહેલા કુંપલબેને પ્રથમ ઝી ચેનલ પર 'મસ્ત' સિરીયલમાં દર્શન જરીવાળા, અપરા મહેતા, કેતકી-રસિક દવે, દિલીપ જોષી વિ. કલાકારો સાથે; સ્ટાર પ્લસ પર 'જય માતાજી'ના ઉપ એપિસોડમાં હેમા માલિની સાથે, ઝી ટીવી પર 'બસેરા'માં આલોક નાથ, સત્યેન કપ્પુ, અંજના મુમતાઝ વિ. સાથે; ઈ ટીવ પર કેતન મહેતાની 'સરસ્વતીચંદ્ર'માં દર્શન ઝરીવાલા સાથે 'રાજબા'નો જાજરમાન રોલ વિ. ભૂમિકામાં કુશળતા અને સફળતાપૂર્વક અભિનય આપીને કુંપલબેન મુંબઈમાં પણ છવાઈ ગયા એટલું જ નહી, બાકી રહેલ ક્ષેત્ર - ફિલ્મોમાં પણ પ્રવેશ કર્યો. આર્મીના જવાનો માટે બનાવેલ અંગ્રેજી ફિલ્મ 'ધરમપાજી'માં વિખ્યાત કલાકાર ધર્મેન્દ્ર સાથે, હિન્દી ફિલ્મ 'વિદ્યાર્થી'માં જેકી શ્રોફ, ગોવિંદા, આશિષ વિદ્યાર્થી સાથે અને સત્તર જેટલ